# 4

## વેરાવળ તાલુકાના બોળાશ ગામે કપીલા નદીને ઉંડી ઉતારવા બાબત

*** 15/4/2530** શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના બોળાશ ગામે આવેલ કપીલા નદીના પુરના કારણે ખેડુતોની ખેતીની જમીન અને પાકનું ધોવાણ અટકાવવા નદીને ઉંડી કરવાની કેટલી માંગણીઓ /રજુઆતો /ફરીયાદો છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, | (૧) | ૧ (એક) |
| (૨) | તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, | (૨) | પ્રસ્તુત બાબતે વિગતવાર સર્વેક્ષણ થયેથી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવાનુ આયોજન છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, અને | (૩) અને | |
| (૪) | ઉક્ત નદીને ઉંડી કરવાની કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પુર્ણ કરવામાં આવશે ? | (૪) | |

---------------

# અગ્રતાક્રમાંક.૦૪

➤ **કપિલા નદી** ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ગુણવંતપુરથી મેઘપુર, કુકરાશ, નાખડા, બોળાશ, સોનારીયા થઈ બાદલપરા ગામ પાસે સરસ્વતી નદીમાં ભળે છે અને પ્રભાસ પાટણ નજીક ત્રિવેણી સંગમ (હિરણ, કપિલા અને સરસ્વતી) થઈ દરિયામાં મળે છે.

➤ આ નદી ખુબ જ છીછરી છે. જેને કારણે ચોમાસા દરમિયાન ઘણીવાર ગુણવંતપુર, મેઘપુર, કુકરાશ, નાખડા, બોળાશ અને સોનારીયા ગામો નદીના પાણીથી પ્રભાવિત થાય છે.

➤ માન.જીલ્લા પ્રમુખશ્રી ગીર સોમનાથએ કપિલા નદીને ઉંડી ઉતારવા રજુઆત કરેલ છે. જે મુજબ, સિધ્ધિ સીમેન્ટ કં.લી., મુ.મોરાસા ૧૦૦% તેઓશ્રીના ખર્ચે સી.એસ.આર. ફંડમાંથી કામગીરી કરાવી નદી માંથી નીકળનાર ખનિજ (મુખ્યત્વે લાઇમસ્ટોન) સરકારશ્રીનાં નિયમોનુસાર રોયલ્ટી ભરાવી કંપનીને લાઇમસ્ટોન આપવા અંગેની છે.

➤ આ કામગીરીનું પ્રાથમિક સર્વેક્ષણ હાથ ધરતા નદીની કુલ **લંબાઇ ૧૦૮૯** મીટર અને **૧.૦૦ મીટર ઉંડી** તેમજ **એવરેજ ૧૦.૦૦ મીટર પહોળાઇ**માં કામગીરી હાથ ધરતા **કુલ – ૧,૦૮,૯૦૦ ઘન મીટર** ખોદાણનો જથ્થો નીકળવાની શક્યતા છે એટલે કે આશરે **૨.૫ લાખ મેટ્રીક ટન લાઇમસ્ટોન નીકળવાની શક્યતા છે.**

- નદી ઉંડી ઉતારવા તેમજ તેમાથી નીકળનાર ખનિજના નિકાલની બાબત સરકારશ્રીના એક કરતા વધુ વિભાગો (**જળસંપત્તિ, પર્યાવરણ અને ખાણ ખનિજ**) સંબંધિત છે.

- નીકળનાર ખનિજના નિકાલની બાબત સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર હરાજી થકી ખાણ ખનિજ વિભાગ દ્વારા હાથ ધરવાની રહે.

- નદીમાંથી નીકળનાર ખનિજથી સરકારશ્રીનાં નિયમોનુસાર રોયલ્ટીની આવક થવા પામશે.

- કપીલા નદીમાં લાઇમ સ્ટોન (મુખ્ય ખનીજ) નિકળવાની સંભાવના રહેલ છે.

- આ કામ થવાથી આ કામગીરી થવાથી કુલ – **૭ ગામોમાં** પુરનાં પાણી ઘુસી જવાનાં પ્રશ્નનું નિરાકરણ લાવી શકાશે. તેમજ આ નદી કંપનીનાં ૧૦૦% સ્વ–ખર્ચે ઉંડી કરી આપવામાં આવશે તો આસપાસનાં ગામોમાં પાણીનાં તળ ઉંચા આવશે. તેમજ ગીર સોમનાથ જીલ્લાનાં **કુલ – ૪૩૫ હેકટર ખેડુતોને સિંચાઇનો સીધો કે આડકતરો લાભ થશે.**

- આ અગાઉ અન્ય સમાન પ્રકારની હિરણ નદી સાફસફાઇ તેમજ ઉંડી ઉતારવા થયેલ માંગણી અન્વયે, અંબુજા સિમેન્ટ કંપની પાસે તેમના સી.એસ.આર ફંડમાંથી કરાવવા ખાણ અને ખનિજ વિભાગના પરામર્શમા કરાવવા સરકારશ્રી દ્વારા શરતી મંજુરી આપવામા આવેલ.

- જે અન્વયે સરકારશ્રીનાં એક કરતા વધુ વિભાગો (**જળસંપત્તિ, પર્યાવરણ અને ખાણ ખનિજ**) પાસેથી મેળવવાની થતી મંજુરી અન્વયે **અંબુજા સિમેન્ટ કંપની, કામના પ્રકારને ધ્યાને લઇ મંજુરીઓ મેળવી શકેલ ન હોઇ, સદર કામગીરી પરીપૂર્ણ થઇ શકેલ નહી.**

- **વધુમાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર, ખનિજના નિકાલની બાબત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ખાણ અને ખનિજ વિભાગ દ્વારા/પરામર્શમા કરવાની રહેવા પામશે.**

# **હિરણ નદી ઉંડી-પહોળી કરવા સંબંધિત ઘટનાક્રમ**

- ગીર સોમનાથ જીલ્લામાં આવેલ હિરણ નદીમા જળસંગ્રહ શક્તિ વધારવા નદી ઉંડી ઉતારવા બાબતે **તલાલાનાં માન.ધારાસભ્યશ્રી ભગવાનભાઇ બારડ દ્વારા માન.મુખ્યમંત્રીશ્રીને તા.૨૫/૦૪/૨૦૧૮થી રજુઆત કરવામાં આવેલ.**

- હિરણ નદી ઉંડી ઉતારતા તેમજ તેના પર ચેકડેમ બનાવતા, નદી કાંઠાના આશરે **૧૫ થી ૨૦** ગામોના પીવાના/સિંચાઇના પાણીનો નિકાલ લાવવા તેમજ આ કામગીરી (નદી ઉંડી ઉતારવા) અંબુજા સિમેન્ટ કંપની પાસે તેમના સી.એસ.આર ફંડ માંથી કરાવવાની મંજુરી મેળવી કામગીરી હાથ ધરવા અંગેની આ રજુઆત થયેલ.

- જે અન્વયે ક્ષેત્રીય કક્ષાએથી થયેલ પ્રાથમિક અહેવાલ ધ્યાને લઇ, હિરણ નદીની સાફસફાઇ તેમજ ઉંડી ઉતારતા નીકળનાર ખનિજ (મુખ્યત્વે લાઇમસ્ટોન)નાં નિકાલની બાબત સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર હરાજી થકી ખાણ ખનિજ વિભાગ દ્વારા હાથ ધરવાની રહે.

- જે બાબતે માન.ધારાસભ્યશ્રીની રજુઆતમાં જણાવ્યા મુજબ, નદી ઉંડી ઉતારવા અંબુજા સિમેન્ટ કંપની પાસે તેમના સી.એસ.આર ફંડમાંથી કરવા

સહમતિ દર્શાવેલ તેમજ નીકળનાર ખનિજ (મુખ્યત્વે લાઇમસ્ટોન) થકી નિયમોનુસાર રોયલ્ટીની આવક પણ સરકારશ્રીને થવા પામે.

- જે ધ્યાને લઇ ખાણ અને ખનિજ વિભાગના પરામર્શમાં આ કામગીરી હાથ ધરવા સરકારશ્રી દ્વારા તા.૨૭/૦૮/૨૦૧૯ થી શરતી મંજુરી આપવામાં આવેલ.

- જે અન્વયે સરકારશ્રીના એક કરતા વધુ વિભાગો (**જળસંપત્તિ, પર્યાવરણ અને ખાણ ખનિજ**) પાસેથી મેળવવાની થતી મંજુરી અન્વયે અંબુજા સિમેન્ટ કંપની, કામના પ્રકારને ધ્યાને લઇ મંજુરીઓ મેળવી શકેલ ન હોઇ, સદર કામગીરી પરીપૂર્ણ થઇ શકેલ નહી.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના પાક નુકશાની અને જમીન ધોવાણની વિગત

| પાક નુકશાનીની વિગત | | | |
|---|---|---|---|
| અનુ.નં. | ગામનું નામ | પાક નુકશાન વિસ્તાર (હે.) | નાણાકીય (રૂ.) |
| ૧ | કુકરાશ | ૧૯૮.૯૪ | ૧૩૫૨૭૯૨ |
| ૨ | મેઘપુર | ૧૬૩.૧૪ | ૧૧૦૯૩૫૨ |
| ૩ | નાખડા | ૯૨.૬૪ | ૬૩૦૨૭૨ |
| ૪ | સોનારિયા | ૫૭.૮૨ | ૩૯૩૧૭૬ |
| ૫ | બોળાશ | ૨૪૯.૮૫ | ૧૬૯૯૬૨૦ |
| ૬ | નાવદ્રા | ૧૦૫.૩ | ૭૧૬૦૪૦ |
| ૭ | ગુણવંતપુર | ૨૦૮.૧૭ | ૧૪૧૫૮૦૮ |

| જમીન ધોવાણની વિગત | | | |
|---|---|---|---|
| અનુ.નં. | ગામનું નામ | નુકશાન વિસ્તાર (હે.) | નાણાકીય (રૂ.) |
| ૧ | સોનારિયા | ૨૭.૮ | ૩૩૯૧૬૦ |

નોંધ:આ વળતર વર્ષ 2023 માં ભારે પુર આવવાથી કપિલા નદીના કાંઠામાં જમીનમાં ધોવાણ થતા ખાતેદારોને આ મુજબનું વળતર ચૂકવવામાં આવેલું છે.

District Agriculture Officer
Dist. Panchyat, Gir Somnath